Shree Ghoghari Lohana Mahajan Mumbai

શ્રી ઘોઘારી લોહાણા

(પબ્લીક ટ્રસ્ટ રજી. ન. એ-૧૫૮૬ -બી)

# સંદેશ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈનું મુખપત્ર

તંત્રી : શ્રી અષ્ટકાંત હરીલાલ સુચક ☆ સહતંત્રી : શ્રીમતી દિવ્યાબેન ચેતનભાઈ અઢીયા

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪

ફોનઃ +૯૧-૨૨-૨૬૨૮૩૭૧૫ - Email : secretary@sglm.in - Website : www.sglm.in

Vol. No. 2 Issue No. 5 MAY - 2017 વૈશાખ વદ - ૧૦, તા. ૨૧ મે ૨૦૧૭



## પ્રમુખ સ્થાનેથી

આત્મીય જ્ઞાતિજનો,

સંદેશ મારફતે આપ સૌને મળવાનો આજે આનંદ થયો.

ઓગસ્ટ ૨૦૧૬ના પ્રમુખ તરીકેની તથા સમસ્ત કારોબારીની ત્રણ વર્ષની મુદત પૂર્ણ થઈ હતી. તા. ૨૮-૮-૨૦૧૬ના બોલાવેલ મહાજનશ્રીની જનરલ સભાએ નિવૃત થઈ રહેલ ટીમની કામગીરી પર વિશ્વાસ મૂકીને ૨૦૧૬-૨૦૧૯ની ત્રણ વર્ષની મુદત માટે કાર્યભાર સંભાળવા સમસ્ત ટીમને પ્રેમાગ્રહ કર્યો. જનરલ સભાના પ્રેમાગ્રહને વશ થઈને મહાજનની સેવાપ્રવૃત્તિ સંભાળવા ફરી એક મુદત માટે અમારી ટીમની વરણી કરાઈ છે. આપ સર્વના વિશ્વાસ તથા પ્રેમનું ઋણ સ્વીકારીને ઘોઘારી લોહાણા મહાજનના ઉત્કર્ષ માટે અમે સૌ વધારે અને વધારે પ્રયત્નો કરશું.

નવા જમાના સાથે કદમ મિલાવી શકાય તથા હરિફાઈના આ યુગમાં ટકી રહેવા સમાજની નવી પેઢીને શિક્ષિત કરવી એ આપણું મુખ્ય ધ્યેય છે. પૈસાના અભાવે કોઈ પણ તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેન શિક્ષણથી વંચિત ન રહે તે માટેની કામગીરી મહાજનની પ્રાથમિકતા છે.

વર્ષો જૂના બંધારણને નવા જમાનાની માંગ પ્રમાણે ફેરફાર કરીને આપણા પૂર્વજોની ભાવનાને અકબંધ રાખીને નવા બંધારણની રચનાનું કાર્ય ચાલુ છે જે ટૂંક સમયમાં પૂર્ણ થશે.

શિક્ષણ સાથે ઈતર પ્રવૃત્તિઓ, રમત-ગમતના વિવિધ ક્ષેત્રે, જીવનઉપયોગી કળાઓમાં નિપુણ ભાઈ બહેનોને પણ મહાજનશ્રી તરફથી પ્રોત્સાહન મળશે અને જરૂરી સહાય મળશે. અંધેરી ખાતે વાડીના નવનિર્માણનું કાર્ય ચાલુ છે, તથા જ્ઞાતિજનોને ઉપયોગી થઈ શકે તે માટે બે બ્લોકનું લોકાર્પણ પણ કરાયું છે, જેની વિગત અન્યત્ર અપાઈ છે.

આ સર્વ માહિતીની આપ બધાને જાણકારી મળતી રહે તે માટે આપણું પોતાનું મુખપત્ર ચાલુ કરેલ છે અને હાલમાં જ તેના સહતંત્રી તરીકે આપણી જ્ઞાતિના વિદુષી દિવ્યાબેન ચેતનભાઈ અઢીયાની નિમણુંક કરાઈ છે.

મુખપત્ર વધુ માહિતી સભર બને તે માટે આપ સર્વના સૂચનો આવકાર્ય છે.

**- સતીશ વિઠલાણી**

## તંત્રી સ્થાનેથી

શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈનું મુખપત્ર ‘સંદેશ’નો પાંચમો અંક આપ બધા સમક્ષ મૂકતાં આનંદ અનુભવાય છે. અનિવાર્ય સંજોગોને કારણે આ અંક મોડો થયો છે તે માટે ક્ષમા માંગીએ છીએ.

મહાજન દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓની સહુ જ્ઞાતિજનોને જાણ થાય અને સૌના મનમાં જ્ઞાતિ માટે પ્રેમ અને આદર ઊભા થાય તે હેતુથી આ મુખપત્ર પ્રગટ કરીએ છીએ.

વૈયક્તિક જવાબદારીઓ અને સમયનું બંધન સાચવીને મહાજનશ્રીની દરેક પ્રવૃત્તિમાં યથાશક્તિ ભાગ લેવાનો સહુને અનુરોધ કરીએ છીએ. આપણા સમાજમાં છુપાયેલ રત્નોને પોતાના વિચારો, પોતાના લેખ, કવિતા, વાર્તાઓ, ગઝલ-શાયરીઓ, વગેરે મુખપત્રમાં છાપવા મહાજનની ઓફિસે મોકલવા નિમંત્રણ છે. સર્વના સૂચનો આવકાર્ય છે. ખાસ કરીને યુવાનો અને બહેનોને જ્ઞાતિના સર્વ કાર્યમાં પોતાનું યોગદાન આપવા આગ્રહભરી વિનંતી છે.

સહુના સહૃદયી સહકારની અપેક્ષા છે.

શ્રી ધીરુભાઈ મીરાણી અને શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાના સહકારથી આ અંક આપ સૌ સમક્ષ મુકતા આનંદ થાય છે.

VAJANI

ફરજ • આદર • ગર્વ

*Choicest Compliments of the Season From*

# *Vajani Foundation*

Philanthropic Initiative of the Vajani Family under the virtuous leadership of Smt. Bina Prajesh Vajani

**The best way to find yourself is to lose yourself in the service of others.**

**Harmony is when what you think, what you say and what you do are in harmony.**

**Mahatama Gandhi**

54, Anand Lok, New Delhi – 110 049

Krishna Villa, Monghibai Road, Vile Parle [East], Mumbai – 400 057

T: (B) +91 (11) 4167 4442 / 4167 4443 | E: vajanifoundation@vajanis.com

# સ્નેહ મિલન સમારોહ અહેવાલ - ૨૦૧૬

શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દિપોત્સવી અને નૂતન વર્ષના અભિનંદનની પરસ્પર આપ-લે કરવા સ્નેહમિલનનું આયોજન તા. ૧૩-૧૧-૨૦૧૬ને રવિવારના રોજ સાંજે ૬.૦૦ વાગ્યાથી શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, અંધેરી વેસ્ટ મધ્યે કરવામાં આવ્યું હતું.

અતિથિ વિશેષોનું સન્માન, વરિષ્ઠ સભ્યોનું સન્માન, સરસ્વતી સન્માન, મહાજનશ્રીના ટ્રસ્ટી મુરબ્બી શ્રી કનૈયાલાલ અમૃતલાલ મગદાણીનો **'જ્ઞાતિરત્ન'** સન્માનપત્ર અર્પણ કાર્યક્રમ તથા સ્વરૂચિ ભોજન બધું જ સુંદર રીતે, વ્યવસ્થિત રીતે હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયું.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત ન રહી શકતાં તેમણે મોકલાવેલ શુભ સંદેશાનું વાંચન કરવામાં આવ્યું. શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારો, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, માનદ્ મંત્રીઓ શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી પિયુષભાઈ ગંઠા, માનદ્ ખજાનચી શ્રી નીતીનભાઈ પાંધી, સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, આપણા મહાજનશ્રીના ટ્રસ્ટીશ્રી, ઘોઘારી લોહાણા મહિલા સમાજના પ્રમુખ તથા લોહાણા મહાપરિષદના મહિલા ઉપાધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના હોદેદારો, ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, વિભાગીય મંત્રી શ્રી શંભુભાઈ હરિયાણી, પી.આર.ઓ. શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ, મહિલા વિભાગના હોદ્દેદારો શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, યુવા વિભાગના હોદેદારો શ્રી નિખિલભાઈ સુબા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત શ્રી હાલાઈ લોહાણા મહાજનશ્રીના પ્રમુખ શ્રી સતીશભાઈ દત્તાણી, શ્રી કચ્છી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી વસંતભાઈ માણેક, શ્રી લોહાણા મહાજન નવી મુંબઈના પ્રમુખ શ્રી ધમેન્દ્રભાઈ કારિયા, શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠલાણી, ચેરમેન ટ્રસ્ટી શ્રી કુણાલભાઈ વજાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કર, ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી દિપકભાઈ વસાણી, ડૉ. સૂર્યાબેન રૂપારેલિયા, ઉપપ્રમુખ શ્રી અષ્ટકાંતભાઈ સૂચક, ઉપપ્રમુખ શ્રી ધર્મીબેન મગદાણી સર્વે પદાધિકારીઓ તથા સૌ કારોબારીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખશ્રી સતીશભાઈ વિઠલાણીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે સભ્યોનું સ્વાગત, અભિવાદન કર્યું. ઉપસ્થિત સર્વે મહેમાનોનું મહાજનશ્રીના પદાધિકારીઓના હસ્તે શ્રી એ.પી.જે. અબ્દુલ કલામનું પુસ્તક તથા શાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું.



આપણા મહાજનશ્રીના ટ્રસ્ટી, છેલ્લા ૪૦ વર્ષથી જ્ઞાતિસેવા કરનાર મુરબ્બી, શ્રી લોહાણા મહાપરિષદ, શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન અંધેરી, ઘોઘારી લોહાણા મહાજન ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટમાં વિવિધ પદ પર પ્રેરણારૂપ જ્ઞાતિસેવા કરનાર વડિલ શ્રી કનુભાઈ મગદાણીને ઉપસ્થિત સર્વે મહેમાનો, સર્વ હોદેદારોની હાજરીમાં મહાજનશ્રીના પ્રમુખ શ્રી સતીશભાઈના હસ્તે શાલ ઓઢાડવામાં આવી. જ્ઞાતિશ્રેષ્ઠી સોલીસીટર શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ તેમને પાઘડી પહેરાવી શ્રી કચ્છી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી વસંતભાઈ માણેકે 'જ્ઞાતિરત્ન મોમેન્ટો' અર્પણ કર્યો અને શ્રી લોહાણા મહાપરિષદના માનદ્ મંત્રીઓ શ્રી પિયુષભાઈ ગંઠા અને હિમાંશુભાઈ ઠક્કર દ્વારા તેમને 'સન્માનપત્ર' આપવામાં આવ્યું.



નાદુરસ્ત તબિયત હોવા છતાં હોસ્પિટલના ડોકટરોની રજા લઈને જ્ઞાતિગંગાના દર્શન કરવા આવેલા જ્ઞાતિરત્ન કનુભાઈ મગદાણીને ઉપસ્થિત સર્વ મહાનુભાવો તથા સભ્યોએ જગ્યા પર ઊભા રહીને સ્ટેન્ડીંગ ઓવેશન દ્વારા વધાવી લીધા હતા.

ત્યારબાદ જ્ઞાતિના વડલા સમાન વરિષ્ઠ સભ્યોનું સંસ્થાના ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓના હસ્તે શ્રીફળ આપી, શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

જ્ઞાતિના તેજસ્વી તારલા સમાન વિદ્યાર્થીઓ જેમણે વિવિધ પરીક્ષાઓમાં ઉચ્ચગુણાંક પ્રાપ્ત કરેલ હોય તથા સાંસ્કૃતિક કે રમત-ગમતના ક્ષેત્રમાં વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરેલ હોય તેમને ગૌરવ પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા. શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તરફથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થીને અનુક્રમે રૂા. ૭,૫૦૦/-, રૂા.૫,૦૦૦/- અને રૂા. ૨,૫૦૦/-ના ચેક આપવામમાં આવ્યા હતા.

મહાજનશ્રીના ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણી તરફથી દરેક વિદ્યાર્થીને એક Back Pack બેગ ભેટ આપવામાં આવી હતી.

શ્રી નિખિલભાઈ આયા (Osaka Furnishing) તરફથી દરેક વિદ્યાર્થીને ગિફ્ટ વાઉચર આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ પ્રમુખશ્રી સતીશભાઈ વિઠલાણીએ આપણી સંસ્થા દ્વારા કરવામાં આવતાં કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપી હતી. મહાજનની કાર્યવાહીથી સૌને વાકેફ કરી આગામી કાર્યક્રમોની જાણ કરી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રકાશભાઈ મગદાણી અને શ્રી જતીનભાઈ પોપટ તથા રાજેન્દ્ર રાયચુરાએ કરેલ.

કાર્યક્રમના અંતે સ્વરૂચિ ભોજનને ન્યાય આપી બધા આનંદથી વિખરાયા હતા.





# અંધેરી વાડી ખાતે નવનિર્મીત બ્લોકની સુવિધા

મહાજનશ્રીની અંધેરી વાડી ખાતે અદ્યતન સુવિધાઓ સાથે વાતાનુકૂલિત બે બ્લોકનું લોકાર્પણ તા. ૧૩-૧૧-૧૬ના લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, માનદ્‌મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા અનેક સેવા સંસ્થાઓ સાથે સંકળાયેલા જ્ઞાતિશ્રેષ્ઠી સોલીસીટર શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીના વરદ્ હસ્તે કરાયુ.

અંધેરી રેલ્વે સ્ટેશન તથા બસ ડેપોથી બિલકુલ નજીક આ સુવિધાનો ઉપયોગ બહારગામથી આવતા જ્ઞાતિજનો ખુબજ સારી રીતે કરી શકશે.



રઘુવંશી જ્ઞાતિના સભ્યો માટે આ સુવિધાના ઉપયોગ માટે એક દિવસનો નિભાવ ખર્ચ બે જણ માટે રૂા. ૧૨૦૦/- દિવસના નક્કી કરાયેલ છે. વધારાની વ્યક્તિ માટે રૂા. ૩૦૦/- દિવસનો નક્કી થયેલ છે.

અન્ય કોઈ જ્ઞાતિના સભ્યોને ઉપરોક્ત સુવિધાનો ઉપયોગ કરવો હશે તો નિભાવ ખર્ચ માટે રૂા. ૧૨૦૦/- ના બદલે રૂા. ૨,૦૦૦/- ચૂકવવાના રહેશે.

વધુ માહિતી માટે મહાજનશ્રીની ઓફિસે સંપર્ક કરવો.





# શિક્ષણ તથા મેડિકલ સહાય અંગે અગત્યની સૂચના

૧) જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને બારમા ધોરણ સુધીની ફી સ્કોલરશીપ તરીકે આપવામાં આવશે.

૨) બારમા ધોરણથી ઉપરના ધોરણના હાયર એજ્યુકેશન માટેની ફી વ્યાજમુક્ત સહાય તરીકે આપવામાં આવશે. જે રકમ મહાજનશ્રીએ નક્કી કરેલા ધારાધોરણ મુજબ અભ્યાસ પૂરો થયા બાદ હપ્તે હપ્તે પરત કરવાની રહેશે.

૩) ઉપરોક્ત બંને કેસમાં વિદ્યાર્થીને અપાતી સહાય જે તે સ્કૂલ અથવા કોલેજમાં મહાજનવતી ડાયરેક્ટ ભરવામાં આવશે. વિદ્યાર્થીઓએ ફી ભરી દીધી હોય તો તેની રકમ મહાજનશ્રી દ્વારા પરત અપાશે નહીં.

૪) ધો. ૧૦, ધો.૧૨ તથા ધો. ૧૫ (ટી.વાય)ના વિદ્યાર્થીઓને પ્રાઈવેટ કોચીંગ ક્લાસીસની ફી આપવાનું મહાજનશ્રીના ધારાધોરણ મુજબ નક્કી કરવામાં આવ્યું છે.

૫) મેડિકલ સહાયની જરૂરિયાતવાળાએ પોતાનો તથા પોતાના પરિવારનો મેડિકલ ઈન્સ્યુરન્સ કરાવેલો હશે તો જ તેમની અરજી પર વિચારણા કરવામાં આવશે. કોઈ કારણસર મેડિકલ ઈન્સ્યુરન્સનું પ્રીમીયમ ભરવા માટે કોઈ જ્ઞાતિજન અશક્ત હોય તો મહાજનશ્રીની ઓફિસે જાણ કરશે તો તેમનું પ્રીમીયમ ભરવા માટે મહાજનશ્રી તરફથી સહાય આપવામાં આવશે.

૬) ઉમરના કારણે અથવા જૂની બિમારીઓના કારણે જેમનો મેડિકલ ઈન્સ્યુરન્સ લઈ શકાય તેમ ન હોય તેમણે મહાજનના કાર્યાલયે તે મુજબની નોંધ કરાવી લેવી. જેથી તેમના માટે સહાયની વ્યવસ્થા બજેટમાં કરી શકાય.

# શ્રી ઘોઘારી લોહાણા સંદેશને



## હાર્દિક શુભેચ્છા



**જનક ચીમનલાલ ઠક્કર**

**સ્મીતા જનક ઠક્કર**

**કપિલ જનક ઠક્કર** — **નેહલ કપિલ ઠક્કર**

**હંસલ જનક ઠક્કર** — **પ્રિયા હંસલ ઠક્કર**

**આર્યન, માયરા, પુષ્ટી, ધારણ**

**માતુશ્રી જસવંતીબેન ચીમનલાલ કન્યાશાળા (બાબરા)**

**શેઠશ્રી ચીમનલાલ પુરશોતમદાસ કુમારશાળા (બાબરા)**

# તબિબી સહાય સમિતી

## મેડિકલ ચેકઅપ કેમ્પ ૧૯-૩-૨૦૧૭

**'પહેલું સુખ તે જાતે નર્યા'** આ કહેવત બચપણથી શીખ્યા છીએ.

"Prevention is Better than cure" આવું વાંચ્યું છે. પણ આ બધા માટે જરૂરી છે યોગ્ય જીવન પધ્ધતિ અને અમુક સમયાંતરે શારીરિક તપાસ! તનાવ ભરેલું જીવન, પ્રદૂષણયુક્ત વાતાવરણ, રાસાયણિક ખાતરોથી પાકતાં ફળો, અનાજ વગેરે આપણાં શરીરને હાનિ પહોંચાડે છે તેથી જ શારીરિક તપાસ અનિવાર્ય છે, પરંતુ મધ્યમવર્ગનો માનવી આ તપાસના ખર્ચાને પહોંચી વળતો નથી.

આ પરિસ્થિતિને લક્ષમાં રાખી શ્રી ઘોઘારી લોહાણા મહાજને પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ - ૧૯-૩-૨૦૧૭ના એક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલું.

અંદાજિત રૂ. ૭,૩૦૦/-ની વિવિધ ૧૪ ટેસ્ટ SRL Labs ગોરેગામ સાથે મહાજનશ્રીના સભ્યોએ વાટાઘાટ કરીને મહાજનશ્રીના ૩૫ વર્ષથી ઉપરના ૨૦૦ રજીસ્ટર્ડ સભ્યો માટે ફક્ત રૂ.૫૦૦/-માં વહેલો તે પહેલો ધોરણે ઉપલબ્ધ કરાવી. રજીસ્ટર્ડ પરિવાર દીઠ બે સભ્યો આનો લાભ લઈ શકે તેમ હતા.

ડાયાબીટીસ, કીડની, લીવર, કોલેસ્ટ્રોલ, વિટામીન $B_{12}$, વિટામીન D, CBC, કાડિયોગ્રામ, થાઈરોઈડ, પુરુષો માટે ટોટલ PSA અને બહેનો માટે PAP smear test જેવી મહત્વની તપાસ આમાં આવરી લેવાઈ હતી. મહાજનશ્રીના ૨૩૮ સભ્યોએ આ કેમ્પનો લાભ લીધો.

પરિપત્ર મોકલવાથી લઈને ૧૯-૩-૨૦૧૭ના દિવસે કેમ્પ સફળતાપૂર્વક પાર પાડવા માટે શ્રી પ્રકાશભાઈ મગદાણી, ધર્મીબેન મગદાણી જેવા સમર્પિત આયોજકોએ પારાવાર પ્રયત્ન કર્યો હતો. ૧૯.૩.૨૦૧૭ના મહાજનશ્રીની અંધેરી ખાતેની ઓફિસમાં આયોજિત આ કેમ્પની બધી ગોઠવણ, તૈયારી અગાઉથી ખૂબ જ ચોકસાઈપૂર્વક કરવામાં આવેલી. અલગ અલગ રૂમમાં અલગ અલગ ટેસ્ટની વ્યવસ્થા હતી. બેસવાની ઉત્તમ વ્યવસ્થા હતી. આયોજકો દ્વારા નામ- બોલાતા હતા અને શિસ્તબધ્ધ રીતે સભ્યો ટેસ્ટ કરાવતા હતા.

ભૂખ્યા પેટે લોહીની તપાસ કરાવ્યા પછી સભ્યો માટે ચા-કોફી નાસ્તાની વ્યવસ્થા હતી. SRL Labs ના કાર્યકરો પણ આટલા સુંદર આયોજનથી ચકિત થયેલાં લાગતાં હતા.

આ આયોજન પાછળનું પેપરવર્ક, કમ્પ્યુટર વર્ક, વગેરે કરનારની ચોકસાઈ પણ પ્રશંસનીય હતી.

પરિપત્રમાં લખ્યા મુજબ બરાબર આઠ દિવસ પછી ૨૭-૩-૨૦૧૭ના દિવસે મહાજનશ્રીની ઓફિસમાંથી જ બધાને રિપોર્ટ મળી ગયા.

જનસેવાના ઉત્તમ ઉદાહરણ સમો આવો મેડિકલ કેમ્પ મહાજનશ્રીની સભ્યોની આરોગ્ય માટેની જાગૃતિનો દ્યોતક છે.






With Best Compliments From :

# Maganbhai N. Savani

## Ashwinbhai M. Savani

### Kunal A. Savani    Bhavin A. Savani

# INTERNATIONAL FILMS DISTRIBUTERS (INDIA) PVT. LTD.




5/8,Feltham House, 2nd Floor, 10, J. N. Heredia Road,
Ballard Estate, Mumbai - 400 001
**Tel. : 91 - 2262 1414 - Fax : 91 - 2262 0404**
**E-mail : ashwin@bhavinintl.com**
**bhavin@bhavainintl.com - kunal@kstyles.co.in**

# યાત્રા પ્રવાસ

## માતા શ્રી વૈષ્ણોદેવી અમૃતસર યાત્રા

ભારત એટલે ધાર્મિક શ્રધ્ધા, ઐતિહાસિક શૌર્યકથાઓ અને નૈસર્ગિક સૌંદર્યનો ત્રિવેણી સંગમ! શ્રી ઘોઘારી લોહાણા મહાજને જ્ઞાતિના રજીસ્ટર્ડ સભ્યો માટે આવા ઘણાં પ્રવાસોનું સફળ આયોજન કર્યું છે.

ગત વર્ષ ૨૪-૯-૨૦૧૬ના મહાજન શ્રીના પરિપત્રમાં આવા જ એક પ્રવાસની સવિસ્તાર માહિતી સભ્યોને મોકલવામાં આવી. ૬-૨-૨૦૧૭ થી ૧૨-૨-૨૦૧૭ - સપ્તદિવસીય પ્રવાસમાં માતા શ્રી વૈષ્ણોદેવી, અમૃતસર, વાઘાબોર્ડર, ગોલ્ડન ટેમ્પલ, જલીયાનવાલા બાગ જેવા મહત્વના સ્થળો આવરી લેવાનું નક્કી થયું. વરિષ્ઠ સભ્યો માટે યાત્રા શુલ્ક રૂા. ૮૦૦૦ અને અન્ય રજીસ્ટર્ડ સભ્યો માટે રૂા. ૧૦,૦૦૦/- આમ, રાહતદરે રાખવામાં આવેલ હતું.

આ યાત્રા શુલ્કમાં મુંબઈથી આવવા-જવાનો, રહેવાનો, જમવા, ચા, નાસ્તાનો તથા ટૂર આયોજક, માધવ ટૂર્સ એન્ડ હોલીડેઝના મહેનતાણાનો ખર્ચ સમાવિષ્ટ હતો. દરેક યાત્રીનો યાત્રાવિમો પણ આમાં જ આવરી લેવાયો હતો.

પરિવાર દીઠ ત્રણ સભ્યો અને તેમાં પણ વરિષ્ઠ સભ્યોને પ્રાથમિકતા આપવાનું નક્કી થયેલું. જ્ઞાતિના ૮૯ સભ્યોએ આ પ્રવાસનો લાભ લીધો.

મુંબઈથી કટરા અને અમૃતસરથી મુંબઈ સુધીની ૩ ટાયર એ.સી.ટ્રેનની સફર આરામપ્રદ અને આનંદદાયક હતી. કટરા પહોંચ્યા પછી યાત્રાળુઓ સ્વખર્ચે હેલીકોપ્ટર, ઘોડા અને ડોલી દ્વારા, નયનરમ્ય નિસર્ગના દર્શન કરતાં કરતાં માતા શ્રી વૈષ્ણોદેવીના સ્થાનકે પહોંચ્યા. 'જય માતા દી'ના ગગનભેદી ધ્વનિ હૃદયમાં મીઠું કંપન જગાવતાં હતા. કાળભૈરવ અને માતાના દર્શનથી આંખો અને મન તૃપ્ત થયા. જીવન કૃતકૃત્ય થયું હોય તેવું લાગ્યું.

આવો જ અનુભવ અમૃતસરમાં થયો. હરમંદિર સાહેબ-ગોલ્ડન ટેમ્પલની બેનમૂન પવિત્રતા અને ભવ્યતા, ત્યાંની શિસ્ત-પ્રિયતા પ્રત્યેકના હૃદયને સ્પર્શી ગઈ. માથુ ઢાંકવાની મર્યાદા અને પવિત્ર લંગરનું જમણ એ તો અમૃતસરની અનોખી સ્મૃતિ! સાંજના સમયની રોશની, પવિત્ર તળાવ, પવિત્ર ગ્રંથસાહેબની પાલખી બધું જ અનોખું!



જનરલ ડાયરની ગોળીઓનો ભયાનક અવાજ આજે પણ જેની દિવાલોમાં પડઘાય છે તે શહીદોના સ્મારક જેવા જલિયાનવાલા બાગની મુલાકાત હૃદયને વિહ્વળ કરી ગઈ. હજારો નિર્દોષ સ્ત્રી, બાળકો અને યુવાનોનું બલિદાન યાદ આવતાં આંખો અશ્રુથી ભરાઈ ગઈ. આઝાદીની બહુ મોટી કિંમત ચુકવી છે ભારતે!

આ આઝાદીની ૨૪ કલાક રક્ષા કરતાં સૈનિકોની પરેડ જોવા પહોંચ્યા વાઘાબોર્ડર! એક જ માના બે સંતાનો એવા બે દેશો બંન્ને બોર્ડર વચ્ચેના દરવાજા ખૂલે, બંધ થાય, બન્ને દેશના ધ્વજ સન્માન પૂર્વક નીચે ઉતારાય, દિલધડક પરેડ થાય, દેશભક્તિના ગીતો ગવાતા હોય... બધું જ રોમાંચિત કરી દે. ગૌરવથી હૃદય ભરાઈ જાય.

અમૃતસરથી પાછા મુંબઈ ૩ ટાયર એસીની સફર! આખી એ યાત્રામાં રહેવાની સુંદર વ્યવસ્થા, પૌષ્ટિક જમવાનું, સામાનની કોઈ ચિંતા નહીં, સ્નેહીઓનો સથવારો, અને સહુથી વધુ આયોજકોની ચોકસાઈ, પોતીકાપણુ અને દરેક યાત્રીની વ્યક્તિગત કાળજી.. આ બધાને લીધે યાત્રા અવિસ્મરણીય બની રહી.

શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા અને શ્રી અષ્ટકાંતભાઈ સૂચક જેવા અનુભવી આયોજકોની જહેમત અને પ્રેમપૂર્વકની કાળજીથી સમસ્ત પ્રવાસ ખૂબ સુખપૂર્વક પરિપૂર્ણ થયો હતો.



GLOBAL

Seasons Greetings

with Best Compliments from:
Mrs & Mr Vithalani

Global Aviation Services Pvt Ltd · Global Airport & Ground Services Pvt Ltd · JTB Jupiter Express Services Pvt Ltd · JTB Travels Pvt Ltd · Global Leisure · BigSpring · Cosmic Heart Gallery · Global Agritech I Pvt Ltd

## દિવાળી નિમિત્તે મીઠાઈ વિતરણ - ૨૦૧૬

**દિવાળી એટલે તેજ અને પ્રકાશનો ઉત્સવ!**

મહાલક્ષ્મી, મહાકાળી અને મહાસરસ્વતીનું પૂજન કરી ધન, શક્તિ અને વિદ્યાની ઉપાસનાનો ઉત્સવ! ફટાકડા, રોશની અને મીઠાઈની મજા માણવાનો ઉત્સવ!

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ઘોઘારી લોહાણા મહાજન દ્વારા તા. ૨૬ અને ૨૭ ઓક્ટોબર ૨૦૧૬ના અંધેરી, ઘાટકોપર તથા કાંદિવલીથી રાહતદરે મીઠાઈ તથા ફરસાણ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. આનો ખર્ચ રૂા. ૭૪,૫૧૭/- થયો હતો.

કાજુકતલી રૂા. ૫૦૦/-, મોહનથાળ રૂા. ૨૨૦/- તીખી સેવ તથા ચેવડો રૂા. ૧૩૦/- આ પ્રતિકિલોના ભાવ હતા.

જ્ઞાતિના ૩૫૮ પરિવારોએ આનો લાભ લીધો હતો. આર્થિક સહાય મેળવવા સભ્યોને દરેક વસ્તુ અડધો કિલો નિઃશુલ્ક આપવામાં આવી હતી. જેનો અંદાજિત ખર્ચ રૂા. ૫૧૩૪૦/- થયો હતો.

આમ, મહાજનશ્રીએ મીઠાઈ વિતરણ માટે રૂા. ૧,૨૫,૮૫૭/- નો કુલ ખર્ચ કર્યો હતો.

મીઠાઈ વિતરણમાં શ્રી અષ્ટકાંતભાઈ સૂચક, શ્રી જતીનભાઈ પોપટ, શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી વિનોદભાઈ ગઢીયા, શ્રી લક્ષ્મીકાંતભાઈ ઠક્કર, શ્રી ભદ્રેશભાઈ સોમૈયા અને શ્રી પિયુષભાઈ પૂજારાએ હાજરી આપી કાર્યભાર સંભાળ્યો હતો.

આર્થિક સહાય મેળવતાં સભ્યો માટે અનાજ વિતરણ તથા મીઠાઈ વિતરણની કાર્યવાહી શ્રી મનોજભાઈ ગઢીયા, શ્રી પંકજભાઈ મગદાણી, શ્રી મહેન્દ્રભાઈ વજાણી, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાએ સંભાળી હતી.





## આર્થિક સહાય સમિતી

શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના સહયોગથી શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રી દ્વારા આર્થિક, શૈક્ષણિક અને તબીબી સહાય આપવામાં આવે છે. જ્ઞાતિના રજીસ્ટર્ડ સભ્યોના પરિવારો કે જેના ઘરમાં કોઈ કમાનાર નથી, વિધવા, વિધુર કે પછી વરિષ્ઠ નાગરિકો છે અથવા જેઓના પરિવારની આવક ખૂબ જ ઓછી છે કે ઘરમાં મોટી બીમારી છે આવા પરિવારોને આત્મીયતાપૂર્વક આર્થિક હૂંફ આપવામાં આવે છે.

સહાય માટે આવેલ પ્રત્યેક અરજી ઉપર ધ્યાન આપવામાં આવે છે. અરજીની ચકાસણી કરી સભ્યના ઘરની રૂબરૂ મુલાકાત લેવામાં આવે છે. તળ મુંબઈથી લઈ વિરાર સુધી શ્રી મનોજભાઈ ગઢીયા, શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી પંકજભાઈ મગદાણી, શ્રી મહેન્દ્રભાઈ વજાણી અને શ્રી પિયુષભાઈ પૂજારા રૂબરૂ મુલાકાતે જાય છે. અત્યાર સુધી લગભગ ૧૬૦ ઘરની મુલાકાત લઈ, જરૂરિયાતની સત્યતાની તપાસ કરી સર્વાનુમતે સહાયનો નિર્ણય લેવાયો છે. આર્થિક સહાય સમિતિના આ ભાઈઓ જ્ઞાતિની ધનરાશિ યોગ્ય ઠેકાણે વપરાય તેનું ધ્યાન રાખે છે અને જ્ઞાતિ વરિષ્ઠો પણ આ ભાઈઓના નિર્ણયને મંજુરી આપે છે. લઘુત્તમ રૂા. ૧૦૦૦/- થી મહત્તમ રૂા. ૫૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે.

વરિષ્ઠો નાગરિકો જેઓ એકાકી જીવન જીવે છે, કમાનારા કોઈ નથી તેવા સભ્યોની અરજીઓમાંથી ૫ % અરજીઓ આ ૨૦૧૭-૨૦૧૮ના વર્ષમાં માન્ય કરવામાં આવી છે. બાકીના ૯૫ % વરિષ્ઠ નાગરિકોના ઘરે રૂબરૂ મુલાકાત લેવાનું જ નક્કી કરવામાં આવ્યું છે. અનાજ વિતરણના કામમાં શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજનો સહયોગ પણ મળે છે.

આ વર્ષે બીજો પણ એક પ્રશંસાપાત્ર નિર્ણય લેવામાં આવ્યો છે.

અનાજ સહાય લેતા દહીંસરથી વિરારના પરિવારો માટે આ વર્ષે એપ્રિલ મહિનાથી મહાજનશ્રીએ વસઈના જલારામ મંદિરના હોલમાં અનાજ વિતરણની વ્યવસ્થા કરી છે. જેથી આ વિસ્તારોમાં રહેતાં સભ્યોની હાડમારી ઘણી ઓછી થઈ છે. અંધેરી ઓફિસ સુધી તેમણે આવવું પડયું નથી. શ્રી ઘોઘારી લોહાણા મહાજન આ સુવિધા આપવા માટે વસઈ જલારામ મંદિરના ટ્રસ્ટીઓના આભારી છે.

આ બધી જ જવાબદારી સહર્ષ સ્વીકારવા બદલ આર્થિક સહાય સમિતિના જબાબદાર ભાઈઓને ખૂબ ખૂબ અભિનંદન!!!!




## શ્રી ઘોઘારી લોહાણા સંદેશને હાર્દિક શુભેચ્છા



**અજીત કાકુભાઈ વજાણી**

**ભાવના અજીત વજાણી**

**દેવાંશ અજીતભાઈ વજાણી        ભાવી દેવાંશ વજાણી**

**કાકુભાઈ હરગોવિંદાસ વજાણી પરિવાર**

# રમત - ગમત સમિતી

ડિસેમ્બર-જાન્યુઆરીમાં પ્રથમ વખત જ આપણી ક્રિકેટ ટીમે મીડ-ડે ની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો. પ્રી-ક્વાટર ફાઈનલ સુધી આપણી ટીમ પહોંચી હતી.

જાન્યુઆરીમાં શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કટક-ભુવનેશ્વરમાં આયોજિત સમસ્ત લોહાણા ઓલ-ઈન્ડિયા ક્રિકેટ ટૂર્નામેન્ટમાં શ્રી કચ્છી લોહાણા તથા શ્રી હાલાઈ લોહાણા સાથે આપણા શ્રી ઘોઘારી જ્ઞાતિના સભ્યો પણ ભુવનેશ્વર ગયા હતા અને મુંબઈ સહ મહારાષ્ટ્રની ટીમ કપ જીતીને આવેલા.

ફેબ્રુઆરીમાં કપોળ પ્રીમીયર લીગની ટૂર્નામેન્ટમાં પણ આપણી ટીમે સૌ પ્રથમ વખત ભાગ લીધેલ હતો.

આ બન્ને વખતની સંપૂર્ણ વ્યવસ્થા અને તૈયારી કરવા બદલ તથા ત્યાં હાજરી આપી આંખે દેખ્યો અહેવાલ રજુ કરવા બદલ કારોબારીના સભ્ય શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી વિદ્યુતભાઈ સાયતા, શ્રી જયેશભાઈ જોબનપુત્રા, શ્રી વિજયભાઈ વસાણી ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.





## SGLM Cricket Team

### આપણી ક્રીકેટ ટીમમાં નવા ખેલાડીઓનો સમાવેશ


ઉત્કર્ષ ઠક્કર


સાહિલ ચોલેરા


કુણાલ પોંદા


અમન સરૈયા




કરણ સોઢા


કુણાલ તન્ના


રાજ રાજાણી


રીનવ ખખ્ખર


મીત સામાણી

**RAMESH R THAKKAR (Vasani)** **VARUN R VASANI**

# R. R. THAKKAR & CO.

# R.R. Thakkar Securities

# R.R. Horizone Pvt. Ltd

# Vrajkamal Develpoer's Pvt. Ltd

# R.R. Exports

Riddhi Palace, Near McDonald's, Opp. Kora Kendra Ground ,
S.V.Road, Borivali (West), Mumbai - 400 092.
**Ph : 2898 2748 / 2898 4596 / 2899 1633**
**Fax : 91 - 22 - 2899 8121. Email : jaijalaram@vsnl.net**

*With Best Compliments From :*

Crystal COMBS



**Nemish Sayani**
**Director**

# Crystal

# Plastics & Metallizing Pvt. Ltd.

62, Vithalwadi, Kalbadevi Road, Mumbai - 400 002. India
**Tel. : (91-22) 2241 3056 / 2241 9135, Fax: (91-22) 2241 8573 • Cell : 98200 33056**
**Email : nimesh@crystalcomb.com - info@crystalcomb.com**
**Website : www.crystalcomb.com**

# શ્રી હાલાઈ લોહાણા મહાજન - મુંબઈ દ્વારા સોમાની રઘુવંશી પ્રિમિયર લીગ - ૨૦૧૭ હર્ષોલ્લાસ સાથે સંપન્ન



શ્રી નિખિલભાઈ સુબા

શ્રી હાલાઈ લોહાણા મહાજન - મુંબઈ સંચાલિત રમત - ગમત સમિતિ દ્વારા તા. ૨૯.૪.૨૦૧૭ થી તા. ૭.૫.૨૦૧૭ દરમ્યાન સોમાની રઘુવંશી પ્રિમિયર લીગનું આયોજન કાંદિવલી ખાતે થયું હતું. ચાર રાઉન્ડમાં ટીમ વચ્ચે મેચ રમાયા બાદ તા. ૭.૫.૨૦૧૭ના રોજ ફાઈનલ મેચ રમાઈ હતી. તે પછી વિજેતા અને રનર અપ ટીમોને ટ્રોફી અપાઈ હતી. આ પ્રસંગે શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મહાપરિષદ, હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ અને કચ્છી લોહાણા મહાજન ઉપરાંત અન્ય સંસ્થાના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

ટીમનું સંચાલન કરનાર સમિતિના ચેરમેન શ્રી પ્રદિપભાઈ સુબા અને પ્રોજેક્ટ ચેરમેન શ્રી નિખિલભાઈ સુબા તેમજ સમસ્ત કમીટી મેમ્બરોએ આયોજનને સફળ બનાવવા અથાગ જહેમત કરી હતી. નિખિલભાઈ મહાપરિષદના (મુંબઈ - મહારાષ્ટ્ર) ના યુવાના પ્રમુખ પદે પણ સેવાઓ આપે છે. નિખિલભાઈ જે પણ કાર્ય હાથમાં લે તેને ધગશપૂર્વક પાર પાડે છે. તેમના સરળ સ્વાભાવને લઈ સમાજમાં પણ લોકપ્રિય રહ્યાં છે.







With Best Compliments From :

# Vinubhai Vasani

# Jayshreeben V. Vasani

## Chirag V. Vasani Snehaben C. Vasani




BUILDERS & DEVELOPERS

YOGSIDDHI DEVELOPERS

FROM THE HOUSE OF

SHREE RIDDHI SIDDHI
REAL VENTURE PRIVATE LIMITED

Off. S.V. Road, Kandivali (West), Mumbai - 400067

# વડલો

સુજ્ઞ જ્ઞાતિજનો,

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે આપણી સંસ્થા શ્રી ઘોઘારી લોહાણા મહાજન આપણા પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણી તથા ટ્રસ્ટમંડળના માર્ગદર્શન હેઠળ જ્ઞાતિહિતની અનેક પ્રવૃત્તિઓ કરી સતત આગળ વધી રહ્યું છે.

જ્ઞાતિના બાળકોમાં રહેલી રમત-ગમતની પ્રવૃત્તિને વેગ આપવા માટે સૌ પ્રથમ વખત સ્પોર્ટસ્ સમિતિની રચના કરવામાં આવી છે.

તે જ રીતે જ્ઞાતિના વડીલો (સીનીયર સીટીઝન સભ્યો) માટે **'વડલો સમિતિ'**ની રચના કરવામાં આવી છે. જેથી જ્ઞાતિના વડીલો દર બે-ત્રણ મહિને મળી સાંસ્કૃતિક પ્રોગ્રામ, યાત્રા-પ્રવાસ, સત્સંગ વગેરેનું આયોજન કરી જ્ઞાતિહિતની પ્રવત્તિઓમમાં રસ લઈ પોતાનું યોગદાન આપી શકે.

આ વડલો સમિતિની એક સભાનું આયોજન રવિવાર તા. ૧૮-૬-૧૭ના રોજ સાંજે ૪.૦૦ કલાકે આપણી સંસ્થાની વાડી શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, લોહાણા ભુવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મધ્યે કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ (૬૦ વર્ષથી ઉપરના) સભ્યો ઉપસ્થિત રહેશો. જેથી આપની સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા તથા અભિપ્રાય જાણી આગામી કાર્યક્રમનું આયોજન કરી શકાય.

આ સભામાં હાજર રહેનાર સભ્યોએ પોતાના નામ, ફોન નં., સભ્યપદ નં. સહિત ફોમ દ્વારા અથવા રૂબરૂ મહાજનશ્રીના કાર્યાલયમાં જાણ કરવા વિનંતી.

સભા પૂરી થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**કન્વીનર - શ્રી હસમુખભાઈ વજાણી**

**સભ્ય - શ્રી મનોજભાઈ ગઢીયા, શ્રી ભદ્રેશભાઈ સોમૈયા, શ્રી પિયુષભાઈ પુજારા, શ્રી રમેશભાઈ ગઢીયા, શ્રીમતી અનિલાબેન વસાણી**

## મુંબઈ સહ મહારાષ્ટ્રના મહાજનોનાં હોદ્દેદારોની સભા ઘોઘારી લોહાણા મહાજનનાં યજમાન પદે તા. ૧૩.૧૧.૨૦૧૬ના મળેલ

શ્રી લોહાણા મહાપરિષદના નેજા હેઠળ અખિલ મહારાષ્ટ્ર લોહાણા સમાજની રચના કરવા માટેની સર્વપ્રથમ બેઠક તા. ૧૩.૧૧.૨૦૧૬ના રોજ અંધેરી વાડી ખાતે મળેલ. જેમાં મુંબઈ સહ મહારાષ્ટ્રના મહાજનોના હોદ્દેદારોએ હાજરી આપેલ.

આ સભામાં શ્રી લોહાણા મહાપરિષદનાં વરિષ્ટ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, માનદ્ મંત્રીઓ શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી પિયુષભાઈ ગંઠા, માનદ્ ખજાનચી શ્રી નિતિનભાઈ પાંધી, સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, પી.આર.ઓ. શ્રી સુરેશભાઈ પોપટ, યુવા વિભાગના શ્રી નિખિલભાઈ સુબા ઉપરાંત શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈના પ્રમુખ શ્રી સતિષભાઈ દત્તાણી, શ્રી કચ્છી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી વસંતભાઈ માણેક, શ્રી લોહાણા સમાજ નવી મુંબઈના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા, શ્રી ઘોઘારી લોહાણા મહાજનનાં પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કર, ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કર તથા નાસિક, પૂના, કલ્યાણ વગેરે અન્ય મહાજનોનાં હોદ્દેદારો પણ હાજર રહેલ.



# શૈક્ષણિક તથા તબીબી સહાય સમિતી

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રી દ્વારા આપણા રજીસ્ટર્ડ સભ્યોના બાળકો સ્કૂલ કોલેજમાં અભ્યાસ કરતાં હોય અને જે પરિવારોની આવક ઓછી હોય અને જેઓ સ્કૂલ-કોલેજની ફી ભરી શકવા અસમર્થ હોય તેઓને મદદ રૂપ થવા માટે ધો. ૧૨ સુધીની કોલેજની ફી આપવામાં આવે છે. મહાજનવતી ડાયરેક્ટ જ સ્કૂલ અને કોલેજમાં આ ફી ભરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

વાલીઓના અનુરોધને ધ્યાનમાં રાખી, વિસ્તૃત ચર્ચા વિચારણા બાદ ધો. ૧૦, ધો. ૧૨ તથા ધો. ૧૫ (T.Y.)ના વિદ્યાર્થીઓને પ્રાઈવેટ કોચીંગ ક્લાસીસની ફી મહાજનશ્રીના ધારા ધોરણ મુજબ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ધો. ૧૩ થી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને હાયર એજ્યુકેશન માટે વ્યાજમુક્ત સહાય આપવાનું નક્કી થયેલ છે.

તબીબી સહાય મેળવતાં સર્વે સભ્યો સાથે પણ મીટીંગ અને વિસ્તૃત ચર્ચા-વિચારણા કરેલ છે. કાંદિવલી તથા વસઈના દવાના વેપારીઓ સાથે વાટાઘાટ કરી મહાજનશ્રીના સભ્યોને રાહત દરે દવાઓ મળે તેવી વ્યવસ્થા કરાઈ છે. શ્રી પ્રકાશભાઈ મગદાણી, શ્રી ધર્મીબેન મગદાણી, શ્રી પિયુષભાઈ બધાનો આ સર્વે કાર્યો માટે ખૂબજ સાથ સહકાર મળેલ છે.

## ૨૬-૨-૨૦૧૭ની ટ્રસ્ટ બોર્ડ તથા વ્યવસ્થાપક સમિતિની સભાની કાર્યવાહી

શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈના ટ્રસ્ટબોર્ડ તથા વ્યવસ્થાપક સમિતિની સંયુક્ત સભા રવિવાર તા. ૨૬-૨-૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજનના અંધેરી હોલ ખાતે મળી હતી.

મહાજનશ્રીના ટ્રસ્ટીઓ અને કારોબારી સમિતિની આ સભામાં પ્રમુખ સ્થાને સંસ્થાના પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠલાણી રહ્યા હતા.

સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આપણી જ્ઞાતિમાં અનન્ય સેવા આપનાર, મહાજનશ્રીના ભૂતપૂર્વ પ્રમુખ જેઓએ શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, શ્રી લોહાણા વિદ્યાર્થીભવન અંધેરી, શ્રી લોહાણા મહાપરિષદમાં પણ વિવિધ પદ શોભાવ્યા હતા તેવા શ્રી કનૈયાલાલ અમૃતલાલ મગદાણી અને કારોબારી સભ્ય શ્રી પિયુષભાઈ પૂજારાના માતુશ્રી શ્રીમતી રમાબેન પ્રાણલાલ પૂજારાના દેહાવસન બદલ બધાએ બે મિનિટનું મૌન પાળી બન્ને વડીલોને મૂક શ્રધ્ધાંજલિ આપી હતી. સંસ્થા પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠલાણીએ સ્વ. શ્રી કનૈયાલાલ મગદાણીની સેવાઓને અને સદ્‌ગુણોને યાદ કર્યા હતા.

ત્યારબાદ માનદ્‌મંત્રી શ્રી જતીનભાઈ પોપટે ૧૮-૯-૨૦૧૬ની સભાની મિનિટ્સનું વાંચન કર્યું હતું.

સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે મહાજનશ્રીના તથા ઘોઘારી લોહાણા મહાજન ટ્રસ્ટના તા. ૧-૪-૨૦૧૬ થી ૩૧-૧-૨૦૧૭ સુધીના હિસાબોની રજુઆત કરી હતી. શ્રી અજીતભાઈએ ટ્રસ્ટી શ્રી કનૈયાલાલ મગદાણીના સ્વર્ગવાસથી ખાલી પડેલ ટ્રસ્ટીના સ્થાન માટે નિમણુક બાબતે પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠલાણીના નામની રજુઆત કરી હતી તથા શ્રી ઘોઘારી લોહાણા મહાજન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પણ શ્રી સતીશભાઈના નામની રજુઆત કરી હતી. આ રજુઆતને શ્રી મહેશભાઈ રાજાએ અનુમોદન આપ્યું હતું અને ઉપસ્થિત સર્વેએ આ વાતને બહાલી આપી હતી.

ત્યારબાદ મિઠાઈ વિતરણ, યાત્રા-પ્રવાસ તથા અન્ય સમિતિના રિપોર્ટની રજુઆત થઈ હતી.

શ્રી ધર્મીબેન મગદાણી, શ્રી પ્રકાશભાઈ મગદાણીએ શૈક્ષણિક અને તબીબી સહાયનો અહેવાલ આપ્યો હતો. શ્રી મનોજભાઈ ગઢીયાએ આર્થિક સહાયની રજુઆત કરી હતી. શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાએ ક્રિકેટ ટીમની બાબતે રજુઆત કરી હતી. આ બધી સમિતિના કાર્યની વિગતો આજ અંકમાં અન્યત્ર છપાયેલ છે.

આ ઉપરાંત નવી મેમ્બરશીપની અરજીની ચકાસણી, ફંડ રેઈઝીંગ માટેની યોજનાઓ વગેરેની ચર્ચા થઈ. શ્રી દીપકભાઈ વસાણી તથા શ્રી રાજેશભાઈ વસાણીએ ફંડ રેઈઝીંગ માટે ઘણાં સૂચનો આપ્યા.

મહાજનશ્રીના વર્ષો જૂના બંધારણમાં હાલના સમય અનુસાર ફેરફાર કરીને નવા બંધારણની રચના અંગે ચર્ચા કરાઈ હતી. અને તે કાર્ય માટે લોહાણા મહાપરિષદમાં સેવા આપનાર શ્રી ધીરૂભાઈ મીરાણીનું માર્ગદર્શન મેળવવાનું નક્કી કરાયું.

ત્યારબાદ કારોબારી સભ્ય શ્રીમતી મીનાબેન મગદાણીના યોગા ક્લાસીસ આપણી વાડીમાં ચાલુ કરવા માટે આવેલ પત્રનું વાંચન કરવામાં આવ્યું હતું તથા તેમને આ માટે મંજૂરી આપવામાં આવી હતી.

વસઈ, નાલાસોપારા તથા વિરારમાં વસતાં ઘોઘારી લોહાણાઓને મહાજનશ્રી સભ્ય બનાવવા બેનર લગાડવાનું શ્રી સતીશભાઈ વિઠલાણીએ પિયુષભાઈ પૂજારાને જણાવ્યું અને બેનરના સ્પોન્સર ઓસાકા ફર્નીશીંગ રહેશે તેમ શ્રી નિખિલભાઈ આયાએ જણાવ્યું હતું.

અંતે માનદ્‌મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરાએ સૌ ઉપસ્થિત સભ્યોનો આભાર માની સભા પૂરી થયાનું જાહેર કર્યું હતું.

# શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજની પ્રવૃત્તિઓનો અહેવાલ

શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ વિવિધ પ્રવૃત્તિઓ આયોજનબધ્ધ રીતે અને સફળતાપૂર્વક પાર પાડે છે. વિવિધ પ્રવત્તિઓથી ધમધમતાં આ સમાજની એક બેઠક તા. ૧૬-૧૧-૧૬ના યોજાઈ હતી. અંધેરી કાર્યાલયમાં પ્રાર્થના થયા પછી શ્રીમતી રશ્મિબેનના નેજા હેઠળ અમુક મુદ્દાઓની ચર્ચા થઈ. આ બેઠકમાં પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ વ્યસ્તતાના કારણે રાજીખુશીથી પોતાના પ્રમુખપદની જવાબદારી શ્રીમતી ઉષાબેન વજાણીને સોંપી. અને સંસ્થાનું અધ્યક્ષ પદ સ્વીકાર્યું. આ પ્રસંગે નવા પ્રમુખ બનેલા શ્રીમતી ઉષાબેને રૂા. ૧૧,૦૦૦/- સંસ્થાને ડોનેશન રૂપે આપ્યા.

ત્યાર પછીના આઠ દિવસમાં કમીટીની રચના થઈ તેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| પ્રમુખ | : શ્રીમતી ઉષાબેન પી. વજાણી |
| અધ્યક્ષ અને ટ્રસ્ટી | : શ્રીમતી રશ્મિબેન એસ. વિઠલાણી. |
| ટ્રસ્ટીઓ | : શ્રીમતી અનસુયાબેન જી. વસાણી |
| | શ્રીમતી રજનીબેન એન. સાયાણી |
| | શ્રીમતી રમાબેન જે. રાજા |
| | શ્રીમતી પ્રીતિબેન એન. સોઢા |
| | શ્રીમતી ચંદ્રિકાબેન વી. તન્ના |
| ઉપપ્રમુખ | : શ્રીમતી પ્રવીણાબેન કે. મગદાણી |
| | શ્રીમતી ભાવનાબેન એચ. તન્ના |
| | શ્રીમતી ઈલાબેન જે. પોપટ |
| માનદ્‌મંત્રી | : શ્રીમતી માધવીબેન બી. સોમૈયા |
| | શ્રીમતી વીણાબેન ઈ. મગદાણી |
| | શ્રીમતી કનકબેન કે, મગદાણી |
| | શ્રીમતી કલ્પનાબેન કે. પોપટ |
| ખજાનચી | : શ્રીમતી કુમુદબેન એસ. વિઠલાણી |
| | શ્રીમતી પ્રેમિલાબેન એચ. લાખાણી |
| | શ્રીમતી માધવીબેન એન. સાયાણી |
| સહ સેક્રેટરી | : શ્રીમતી શોભાબેન વી. સુબા |
| | શ્રીમતી હંસાબેન પી. સોમૈયા |
| અનાજ સહાયના કન્વીનર | : શ્રીમતી રશ્મિબેન યુ. ઠક્કર |
| | શ્રીમતી રેખાબેન કે. મણિયાર |
| કમિટી મેમ્બર | : શ્રીમતી નિર્મળાબેન ડી. ઠકરાર |
| | શ્રીમતી રંજનાબેન ડી. રાજાણી |



મહિલા વિભાગની આ બધી બહેનો વિવિધ કાર્યક્રમો દ્વારા સમાજની મહિલાઓને સંગઠિત અને એકત્રિત રાખે છે. આ ઉપરાંત સારા ગુણાંકે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને 'સરસ્વતી સન્માન' કાર્યક્રમમાં વિવિધ ઉપહારોથી બીરદાવે છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજનના અનાજ વિતરણ કાર્યમાં સહયોગ આપે છે.

પરસ્પર સહકારથી મહિલા વિભાગ દર મહિને સફળ કાર્યક્રમોનું આયોજન કરે છે. બધા જ કાર્યક્રમો મહિનાના બીજા કે ત્રીજા શનિવારે બપોરે ૩.૩૦ વાગે અંધેરી ખાતેના કાર્યાલયના હોલમાં યોજવામાં આવે છે. અદ્યતન સુવિધાઓ સાથેનો આવો સુંદર હોલ આપવા બદલ મહિલા સમાજ સર્વે ટ્રસ્ટીઓ અને પ્રમુખશ્રી સતીશભાઈ વિઠલાણી અને શ્રીમતી રશ્મિબેન વિઠલાણીનો ખૂબ આભારી છે.

નારી એટલે સમજ, શક્તિ અને સમર્પણ! તેનું મન પ્રફુલ્લિત રહે અને તેની વિવિધ શક્તિઓનો વિકાસ થાય એ હેતુથી શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ વિવિધ કાર્યક્રમો કરે છે.

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ મહિલા સમાજે



તા. ૧૨-૧૧-૨૦૧૬ના દિવાળી સ્નેહસંમેલનની ઉજવણી કરી. શ્રી રાજેન્દ્ર ગઢવીને કંઠે જૂના, નવા ગીતોની મહેફિલ માણી અને સર્વે ટ્રસ્ટીઓ તરફથી રાખવામાં આવેલ પ્રીતિ ભોજનનો આનંદ માણ્યો.

વિક્રમ સંવતની જેમ ઈસુના ૨૦૧૭ના વર્ષને પણ બહેનોએ ૧૭-૧૨-૨૦૧૬ના ક્રિસમસ પાર્ટી કરી વધાવ્યું. શ્રીમતી પ્રીતિબહેન સોઢાએ બધાને મ્યુઝીકલ હાઉઝી રમાડી. ડી.જે. અને ડાન્સપાર્ટી કરી બધાએ સમય સાથે કદમ મિલાવ્યા. હાઉઝી તેમ જ લક્કી ડ્રોના ઈનામો અધ્યક્ષ શ્રી રશ્મિબેન સતીશભાઈ વિઠલાણીએ આપ્યા અને પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણી તરફથી રાખવામાં આવેલ અલ્પાહારનો આસ્વાદ સૌએ માણ્યો.

જાન્યુઆરી મહિનો એટલે આકાશમાં નતનવી પતંગો ઊડે અને ખેતરમાં જુવાર, બાજરો, ઘઉંનો પોંક તૈયાર હોય! પોંકના દાણે દાણામાં જાણે ધરતીનું ધાવણ ભર્યું હોય! શિયાળાની ઠંડીમાં આવા પ્રકૃતિના પ્રસાદ રૂપ પોંકની મજા લેવા બહેનોએ ૨૧-૧-૨૦૧૭ના પોંક પાર્ટી મનાવી. શ્રીમતી કલ્પનાબહેન કિરીટભાઈ પોપટ તરફથી રખાયેલ અલ્પાહારનો આનંદ માણ્યો.

ઠંડીની ઋતુ પૂરી થાય તે પહેલા એક પર્યટન તો બહેનો કરે જ! તા. ૨૫-૨-૨૦૧૭ને દિવસે વજ્રેશ્વરી રોડ ઉપર આવેલા વુડ્સવેલી રીસોર્ટમાં પીકનીકનું આયોજન થયું. બહેનો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો. વહેલી સવારે ગીતો અને ભજનોની રમઝટ સાથે બે બસ ઉપડી. સવાર સાંજ ચા,નાસ્તો અને બપોરના જમણ સાથે બધાએ રેઈનડાન્સ અને વોટર રાઈડ્સની મજા માણી. વિવિધ રમતો પણ રમ્યા! જવાબદારીઓનો ભાર છોડી સહુએ નિશ્ચિંતપણે જાણે ફરી શૈશવકાળની સફર કરી!

૧૮-૩-૨૦૧૭ના દિવસે નૂતનબેન શેઠે રસઝરતી મધુર બંગાલી મિઠાઈનું ડેમોસ્ટ્રેશન કર્યું અને શ્રીમતી રજનીબેન સાયાણી અને માધવીબેન સાયાણી તરફથી અલ્પાહાર રાખવામાં આવેલ હતો.

તા. ૧૫-૪-૨૦૧૭ના શ્રીમતી ભારતીબેન વ્યાસ તેમજ સાથીઓએ સંગીતમય સુંદરકાંડનું રસપાન કરાવ્યું અને તેને અનુરૂપ ભજન તેમ જ ગીતો ગવડાવ્યા. આ આખો કાર્યક્રમ શ્રીમતી પ્રીતિબહેન નાનુભાઈ સોઢા તરફથી આયોજિત કરવામાં આવ્યો હતો. અલ્પાહાર અને પ્રસાદની વ્યવસ્થા પણ તેમના તરફથી થઈ હતી. ભજન અને ભોજન બન્નેની સુંદર વ્યવસ્થા હતી.

આવા જ બીજા કાર્યક્રમો મહિલા વિભાગ આયોજિત કરશે. આગામી કાર્યક્રમ ૧૭-૬-૨૦૧૭ના બપોરે ૩.૩૦ વાગે અંધેરી કાર્યાલય ખાતે છે તેમાં નૈસર્ગિક સૌંદર્ય પ્રસાધનો (herbal beauty products) દ્વારા સુંદરતાને કઈ રીતે નિખારી શકાય તે માટે બ્યુટીશીયનનું ડેમોસ્ટ્રેશન છે. સાથે અલ્પાહારની વ્યવસ્થા પણ છે.

આ વર્ષે બોળચોથના દિવસે ભજન સાથે મગ-રોટલાના ભોજનનું આયોજન કરવા પણ વિચારેલ છે.

થઈ ગયેલ અને થનારા બધા જ કાર્યક્રમોમાં મહાજનશ્રીના સાથ, સહકાર અને સહયોગ બદલ શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ સૌનો આભારી છે.

## મીસ્ડકોલ સર્વિસ

મહાજનશ્રીના સભ્યોને આપણા મહાજનની પ્રવૃત્તિઓની જાણ એસ.એમ.એસ દ્વારા થઈ શકે તે માટે મહાજનશ્રી દ્વારા મીસ્ડકોલ સર્વિસ ચાલુ કરવામાં આવેલ છે. સભ્યોએ નીચે જણાવેલ નંબર પર આપના મોબાઈલમાંથી એક મીસ્ડકોલ ૦૨૨૪૫૩૦૦૦૦૬ નંબર આપવાનો રહેશે. આપનો નંબર ત્યાં રજીસ્ટર થઈ જશે અને આપને દર વખતે મહાજનની પ્રવૃત્તિઓ, કાર્યવાહીની જાણ એસ.એમ.એસ. દ્વારા થશે.





# શ્રી લોહાણા યુવક મંડળ (અંધેરી-પાર્લા) મુંબઈ



શ્રી લોહાણા યુવક મંડળ મુંબઈ (અંધેરી-પાર્લા) દ્વારા મુંબઈમાં સર્વ પ્રથમવાર શ્રી વલ્લભસાખી રસામૃતનું આયોજન વિશ્વકર્માબાગ વિલેપાર્લે (વેસ્ટ) તા. ૯-૧૧-૨૦૧૬ થી તા. ૧૫-૧૧-૨૦૧૬ સુધી કરવામાં આવેલ હતું.

વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ શ્રી યદુનાથજી (કડી-અમદાવાદ) મહોદયશ્રી એ તેમની અલૌકિક વાણી દ્વારા સરળ, સુમધુર ભાષામાં વલ્લભસાખીનું રસપાન કરાવ્યું હતું.

ત્યારબાદ તા. ૧૬-૪-૨૦૧૭ના રવિવારના રોજ ચતવાણી બાગ, ગોખલે રોડ, વિલેપાર્લે (વેસ્ટ)માં ઓગણીસમા સમૂહ યજ્ઞોપવિત સમારોહનું આયોજન કરવામાં આવેલું. ષોડષ સંસ્કારમાંનો આપણો આ એક અતિ મહત્વનો સંસ્કાર ભગવાન શ્રી રામચંદ્રજીના આશિષ અને સદ્‌ગુરુ શ્રી જલારામ બાપાની અમીદ્રષ્ટિથી સંપૂર્ણ વૈદિક વિધિ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો.

આ પાવન અવસરની શરૂઆત મુખ્ય યજમાન માતુશ્રી કમળાબેન નરોત્તમદાસ રાયચુરાના સુપુત્ર શ્રી કિરણભાઈ રાયચુરા તથા તેમના પત્ની શ્રીમતી ભાવનાબેન અને સંસ્થાના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તથા અન્ય સભ્યોએ દીપ પ્રગટાવીને કરી હતી. આ યજ્ઞોપવિત સમારોહમાં કુલ સાત કાશી યાત્રિકો (બટુકો) એ ભાગ લીધો હતો. દરેક બટુકોને વિવિધ સ્વરૂપે લગભગ ત્રીસ ઉપહારો આપવામાં આવ્યા હતા.



વૈદિક વિધિ શાસ્ત્રી શ્રી રાજેન્દ્રકુમાર દિક્ષિતના હસ્તે કરવામાં આવી હતી. વિવિધ સહયોગીઓના સૌજન્યથી આ અવસરે પ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ હતું. આ રૂડા અવસરે શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતીશભાઈ વિઠલાણી, મહાપરિષદના મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા શ્રી ખીમજી ભગવાન ચેરીટેબલ ટ્રસ્ટ નાશિકના ચેરમેન શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજના પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણી, શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈના રમત-ગમત સમિતિના ચેરમેન શ્રી પ્રદીપભાઈ સુબા અને મહાપરિષદની લગ્ન વિષયક સમિતિના ઉપાધ્યક્ષ શ્રી કિરીટભાઈ વિઠલાણી તથા શ્રી ડાહ્યાભાઈ જીમુલીયાએ હાજર રહી પ્રસંગને દીપાવ્યો હતો. તથા બટુકોને આશીર્વાદ આપ્યા હતા.

સતત ઓગણીસમા સમૂહ યજ્ઞોપવિતની સફળતાનું શ્રેય પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન કીર્તિભાઈ ઠક્કર તથા શ્રી લોહાણા યુવક મંડળના દરેકે દરેક કાર્યકર્તાઓની નિઃસ્વાર્થ સેવાને જાય છે.

શ્રી લોહાણા યુવક મંડળ-મુંબઈ (અંધેરી-પાર્લા) દ્વારા આગામી કાર્યક્રમ 'ચારધામ યાત્રા પ્રવાસ' છે. આ યાત્રા પ્રવાસનું આયોજન તા. ૬-૯-૨૦૧૭ થી ૨૦-૯-૨૦૧૭ સુધી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત શ્રાવણ મહિનામાં લઘુરુદ્રીનું પણ આયોજન કરવામાં આવેલ છે.






MUMBAI'S BIGGEST FURNISHINGS SHOWROOM
ESTD. 1971
OSAKA
SPIRIT OF FURNISHINGS
OSAKA FURNISHINGS LIMITED
Get Rs.5000/- free shopping voucher*
on purchase above Rs.25000/- (on MRP)*
SOFA FABRICS - CURTAIN FABRICS - UPHOLSTERIES - READY-MADE CURTAINS - LINEN
MATTRESSES - DESIGNER BEDSHEETS - CARPETS - PILLOWS - CUSHION COVERS
*Conditions apply
45 years of trust.
more than 1 lac satisfied customers all over the world.
Home delivery facility worldwide.
make to order jobs for designer sofasets.
osaka double bedsheeets available for corporate gifting
for corporate inquiry - 9930460232 / 9699707590 / 9167444172
www.osakafurnishingsltd.com
Vile Parle (W)
Opp Mc Donald, Nirmal,
Borivali (W)
Next to Poisar Bus Depot,
S.V. Road
OSAKA FURNISHING STUDIO :
Opp. OSAKA showroom, Lajpatrai Road,
Vile Parle (W). Tel : 26120465
Virar (W)
Yeshwant Vihar Complex,
Near M.G.M. School, Bolinj Road.
Rajkot (W)
Destination Plus,
Amin Marg (Sunday Close)


BEST WISHES
FROM
RASHMI & SATISH
VITHALANI
A touch of Art to turn
the ordinary into extraordinary.
When it's a matter of beauty and grace, there is always a need for a special touch of the extraordinary, to bring out the elegance within. This is where we come in. With over two decades of experience in the manufacture and export of a wide range of superior quality Beads, Chatons, Cup Chains, Hot Fix etc., Art Group has become a name to be reckoned with, both in the domestic and international market.
OUR PRODUCT RANGE
Glass Seed Beads
Pressed Glass Beads
Fire Polished Faceted Glass Beads
Machine Cut Glass Beads
Machine Cut Loch Roses
Machine Cut Chaton Roses (Hotfix)
Machine Cut Chatons
Brilliant / Extra Brilliant Chatons
Fire Polished Moulded Chatons
Cup Chains
Sew on Cups
Art Group's products help embellish
Fashion Jewellery • Hair Accessories • Garment Embellishments • Prayer bead chains and strings
Handicrafts • Ladies handbags and other fashion accessories • Decorative items • Trimmings • Footwear
Light Fittings • Curtains • Body Tattoos • Cell Phones • Laptops and other electronic devices.
Parent Brand
KRUPA
ART GROUP

# શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ

ગુજરાતનું અમદાવાદ અત્યારે મેડીકલ સારવાર તથા શિક્ષણ ક્ષેત્ર માટે સમસ્ત દેશમાં મોખરાના સ્થાન તરફ આગળ વધી રહ્યું છે. દેશ વિદેશના જ્ઞાતિજનો તબીબી સારવાર માટે તથા ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદની નિયમિત મુલાકાતે આવે છે. બહારગામથી આવતા આપણા રઘુવંશી ભાઈબહેનોને ઉતારાની સુવિધા મળી રહે તે માટે લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલ સોલા ભાગવત વિદ્યાપીઠમાં આવેલ ભાગવત અતિથિ ભવનનું પુનઃનિર્માણ કાર્ય શરૂ કરાયેલ છે. મહાપરિષદના રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના સથવારે આ કાર્યનો આરંભ થઈ ચૂક્યો છે.

તબીબી તથા શિક્ષણ સહાયના ક્ષેત્રમાં મદદગાર થવા હંમેશા અગ્રસ્થાને રહેલ મુંબઈના ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આ સમસ્ત સંકુલની સાથે શેઠશ્રી ખીમજી ભગવાનદાસનું નામ જોડવાની શરતે રૂા. ૧,૫૧,૦૦૦૦૦/- (એક કરોડ એકાવન લાખ)ની રકમ આપવાની તત્પરતા બતાવી છે.

આ ઉપરાંત ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતીશભાઈએ પોતાના તરફથી મહાજનના અન્ય પદાધિકારીઓ અને શ્રેષ્ઠી તરફથી બીજા પાંચ રૂમો માટે અનુદાન આપવાની તત્પરતા દર્શાવી છે. જે સમસ્ત ઘોઘારી લોહાણા સમાજ માટે ગૌરવની વાત છે.

✤ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર ૨૦૧૭ સુધી માતૃતીર્થ સિધ્ધપુર મુકામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ અને સામૂહિક માતૃતર્પણ તથા માતૃવંદનાનો ભવ્યાતિભવ્ય મહોત્સવ આયોજિત થયો છે. આ મહોત્સવ માટે શ્રી ખીમજીભાઈ ભગવાનદાસના ધર્મપત્ની પૂ. માણેકબાની પુણ્યસ્મૃતિમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ દ્વારા પ્રથમ દિવસના યજમાન સૌજન્ય તરીકે રૂા. ૧૧ લાખની ધનરાશિ જાહેર કરાઈ છે.

✤ શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ-મુંબઈ દ્વારા અમરેલી, ભાવનગર જિલ્લાના કોઈપણ વિસ્તારમાં રહેતાં ઘોઘારી લોહાણા સમાજના જરૂરિયાતમંદ પરિવાર તથા વિધવા-વિધુરોની સ્થાનિક મહાજનના ભલામણ પત્ર સાથે આવેલ અરજી ઉપર ચર્ચા વિચારણા કરાશે અને ટ્રસ્ટના ધારા-ધોરણ મુજબ આર્થિક સહાય કરવામાં આવશે.

## સ્ટાર્ટ અપ ઘોઘારી - સ્ટેન્ડ અપ ઘોઘારી

પોતનો સ્વતંત્ર વ્યવસાય કરવાની ઈચ્છા દરેકને હોય છે વ્યાપારે વસતે લક્ષ્મી : પરંતુ અર્થના (પૈસાના) અભાવે આ ઈચ્છાઓ પૂરી થતી નથી. જ્ઞાતિના આવા સાહસિક સભ્યોને શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના સહયોગથી શ્રી ઘોઘારી લોહાણા મહાજન દ્વારા સ્ટાર્ટ અપ ઘોઘારી- સ્ટેન્ડ અપ ઘોઘારી' યોજના હેઠળ મલાડના એક ભાઈને 'હેન્ડીકેપ બુથ'ના રીનોવેશન માટે રૂા. ૩૦,૦૦૦/- વ્યાજમુક્ત સહાય તરીકે આપવામાં આવેલ છે તો વસઈના એક સાહસિક બેનને પણ કેરીનો ધંધો (બીઝનેસ) કરવા માટે રૂા. ૭૫,૦૦૦/- આ જ રીતે વ્યાજ મુક્ત સહાય આપવામાં આવેલ છે.

પોતાની આવડત, હૈયાઉકલત તથા હિંમતપૂર્વક અન્ય કોઈ ભાઈ બહેનો પોતાનો સ્વતંત્ર ધંધો અથવા વ્યવસાય કરવા ઈચ્છતાં હોય તો ઉપરોક્ત યોજના હેઠળ મહાજનશ્રી પોતાના ધારાધોરણની મર્યાદામાં જરૂરી સહાય તથા માર્ગદર્શન આપશે. આ માટે સંપૂર્ણ વિગતો સાથે મહાજનશ્રીની ઑફિસનો સંપર્ક સાધવા વિનંતી.

વર્ષો સુધી શ્રી ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટમમાં ટ્રસ્ટી તરીકે સેવા આપનાર શ્રી કનુભાઈ મગદાણીનું અવસાન થવાના કારણે ખાલી પડેલ જગ્યા માટે નવા ટ્રસ્ટી તરીકે **શ્રી મનોજભાઈ ગઢીયા**ની સર્વાનુમતે નિમણૂંક કરાઈ છે. શ્રી કનુભાઈ મગદાણી ચેરીટી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પણ હતા. તેમના સ્થાને **શ્રી જનકભાઈ ઠક્કર**ની મેનેજીંગ ટ્રસ્ટી તરીકે વરણી કરાઈ છે.

Posting Date 13 th of every 3 month
Posted At Mumbai Patrika Channel Shorting
Office Mumbai-400 001 on Dt. 21-05-2017

To,

From :

**Shree Ghoghari Lohana Mahajan - Mumbai**
Lohana Bhavan, Paliram Road,
Andheri (West), Mumbai - 400058.

On behalf of Shree Ghoghari Lohana Mahajan - Mumbai Printed & Published by Shri Satish Dhirajlal Vithalani & Edited by Ashtakant Harilal Suchak & Printed at Lohana Hitechhu Pvt. Ltd., 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018, Ph. : 2492 0810 & Published at Lohana Bhavan, Paliram Road, Andheri (West), Mumbai - 400058.